આવતીકાલનો ઉજાસ

ઉત્સવી આર ઓઝા
ધોરણ-૮
માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ

ઉચ્ચ શૈક્ષણિક કામગીરી ધરાવતી ઉત્સવીએ ઈકો એમ્બેસેડર ઑફ ગાંધીનગર ૨૦૧૧-૧૨માં ગીર ફાઉન્ડેશન તરફથી શિલ્ડ તથા સર્ટીફિકેટ મેળવેલ છે. આ ઉપરાંત વાર્ષિકોત્સવ, ડિબેટ, વાર્તાકથન, વક્તૃત્વ સ્પર્ધા, સાહિત્ય પર્વ અંતર્ગત યોજાતી વિવિધ સ્પર્ધાઓમાં અવ્વલ સ્થાન પર રહેનારી આ તેજસ્વી વિદ્યાર્થીનીએ નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા જિલ્લા કક્ષાએ યોજાયેલી વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.

યોગેશ જયકુમાર થરાની
ધોરણ-૮
માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ

યોગેશ અભ્યાસ ઉપરાંત અનેક સામાજિક, શૈક્ષણિક, સાહિત્યિક પ્રવૃત્તિઓમાં વિશેષ રસ ધરાવે છે. જેમકે ક્રિકેટ, ચિત્ર, રંગોળી અને વિજ્ઞાનમાં તે કુશળતા ધરાવે છે. તે એક સારો કંપોઝર છે અને ગીત-સંગીત તથા કોરિયોગ્રાફી અંગે પણ તેને સારી સૂઝ છે.

સ્કેટીંગ, સમાજસેવા, શાળાના વાર્ષિકોત્સવ તથા નવરાત્રી નિમિત્તે ગરબા ખેલવામાં પણ યોગેશ હંમેશા આગળ રહે છે.

શહેરી શિક્ષણની આંધીમાં ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારોની શાળાઓને ઘેરી અસર

ગ્રામ્ય વિસ્તારોના બાળકો ઉચ્ચ શિક્ષણ માટે ગાંધીનગર શહેરની હાઈફાઈ શાળાઓ તરફ આકર્ષાયા
ટ્રાન્સપોર્ટેશનની સુવિધા વધતા ગ્રામ્ય વિસ્તારોના બાળકો હવે શહેરમાં ભણવા આવે છે

ગાંધીનગર, તા.૨૯

છેલ્લા કેટલાક વર્ષોમાં ગાંધીનગરમાં રેસ્કુલની એવી જોરદાર આંધી ફુંકાઈ છે કે તેની અસર હેઠળ આસપાસના ગ્રામ્ય વિસ્તારોની વર્ષો જુની શિક્ષણ સંસ્થાઓ આવી ગઈ છે. કેટલીક શાળાઓ બંધ થઈ ગઈ છે તો કેટલીક શાળાઓ મૃતપ્રાય હાલતમાં જીવી રહી છે.

સ્પર્ધાત્મક શિક્ષણનો માહોલ હવે ગ્રામ્ય વિસ્તારોને અસર કરી રહ્યો છે. રેન્કીંગ કે ટકા જાહેર નહીં કરવાની ઘણી બધી યોજનાઓ શિક્ષણ વિભાગે દાખલ કરી છે તેમ છતાં સ્પર્ધાત્મક માહોલને દુર કરી શકાયો નથી. બાળકો વધુને વધુ સ્પર્ધાત્મક માહોલ તરફ ઢળતા જાય છે. શહેરના બાળકોની જેમ હવે ગ્રામ્ય વિસ્તારોના બાળકો પણ સ્પર્ધાત્મક શિક્ષણ આપતી શહેરની હાઈકાઈ શાળાઓમાં અભ્યાસ કરવાની ઈચ્છા ધરાવે છે. એક પ્રકારનો ક્રેઝ વાલીઓ અને બાળકો બંનેમાં જોઈ શકાય છે. બાળકોના આ ક્રેઝની અસર ગ્રામ્ય વિસ્તારોની શાળાઓ પર થઈ છે.

ગાંધીનગર આસપાસ આવેલા

ગ્રામ્ય વિસ્તારો જેવા કે પેથાપુર, વાવોલ, કોલવડા, કોબા, સરગાસણ, સરઢવ, નારદીપુર, અડાલજમાં વર્ષોથી ગામના કેળવણી મંડળ સંચાલિત માધ્યમિક શાળાઓ ચાલી રહી છે. કેટલીક શાળાઓ તો એંશી-સો વર્ષ જેટલી જુની છે. આ શાળાઓમાં અભ્યાસ કરીને પેઢીઓની પેઢીઓએ ઉજ્જવળ કારકીર્દી ઘડી છે. આ શાળાઓમાં જ અભ્યાસ કરીને વિદેશમાં સ્થાયી થયેલા કે ઉચ્ચ કારકીર્દી ધરાવતા પૂર્વ વિદ્યાર્થીઓના દાન થકી અત્યાર સુધી આ શાળાઓ ચાલી રહી હતી. પરંતુ ગાંધીનગરમાં છેલ્લા કેટલાક વર્ષોમાં શરૂ થયેલી ડે-સ્કૂલોની આંધીએ આ શાળાઓને ખુબ ગંભીર અસર પહોંચાડી છે એક સમયે આ શાળાઓમાં હજાર-બારસો વિદ્યાર્થીઓ એક સાથે અભ્યાસ કરતા હતા હવે તે સંખ્યા ઘટીને ત્રણસો-ચારસો સુધી સિમિત થઈ ગઈ છે. વિદ્યાર્થીઓ ઘટતા વર્ગોની સંખ્યા ઘટાડવી પડી છે. જેના કારણે શિક્ષકો ફાજલ પડયા છે. હવે તો ઘણા કેળવણી મંડળોએ પોતાની શાળાઓ બંધ કરવાનો નિર્ણય લઈ લીધો છે. વર્ષો સુધી શિક્ષણ સાથે ઉચ્ચ સંસ્કારોનું સિંચન કરતી શાળાઓ હવે મરવાના વાંકે જીવી રહી છે.

શહેરની શાળાઓ હવે જાતે જ ટ્રાન્સપોર્ટેશનની સુવિધા ઉપલબ્ધ કરાવતી હોવાથી ગ્રામ્ય વિસ્તારોના બાળકોનો પરિવહનનો પ્રશ્ન પણ હલ થઈ જતાં શહેરમાં ભણવા જવાનો ક્રેઝ વધી રહ્યો છે. શહેરમાં પોતાના બાળકને ભણાવવો તે એક પ્રકારનું સ્ટેટસ સિમ્બોલ બની ગયું હોવાથી વાલીઓ વધુ ફી ભરીને પણ પોતાના બાળકોને શહેરની સ્કુલમાં ભણવા મોકલે છે. ગ્રામ્ય વિસતારોના ઘણા વાલીઓએ તો ગામના ખેતર-ઘર વેચી બાળકને ગાંધીનગરની સ્કુલમાં દાખલ કરી અહીં જ રહેવાનું શરૂ કરી દીધું છે. શહેરની સ્કુલના આકર્ષણથી વર્ષો જુની પ્રતિષ્ઠિત શિક્ષણ સંસ્થાઓએ પોતાની ઓળખ અને રોનક બંને ગુમાવ્યા છે.

ઈજનેરીમાં પ્રવેશ માટે એઆઈઈઈઈનું પેપર અઘરૂં

એઆઈઈઈઈમાં પેપર અઘરું રહેતા વિદ્યાર્થીઓ હતાશ થયા

વડોદરા અને સુરતમાં કેટલાક સેન્ટરો પર હોબાળો થયો, વડોદરામાં એક સેન્ટર પર પથ્થરમારો : ચુસ્ત બંદોબસ્ત

અમદાવાદ, તા.૨૯

એન્જીનીયરીંગમાં પ્રવેશ માટે આજે લેવામાં આવેલી એઆઈઈઈઈની પરીક્ષામાં પ્રશ્નપત્ર બહુ અઘરૂં પુછાતા મોટાભાગના વિદ્યાર્થીઓ નીરાશ થયા હતા. આ ઉપરાંત આ પરીક્ષા દરમિયાન વડોદરા અને સુરત શહેરના કેટલાક સેન્ટરો પર હોબાળો થયો હોવાની વિગતો બહાર આવી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ એઆઈઈઈઈની પરીક્ષા રાજ્યમાં વડોદરા અને સુરત શહેરના સેન્ટરો પરથી લેવામાં આવી હતી. આ બંને શહેરના અનેક સેન્ટરો પર હોબાળો થયો હોવાનું જાણવા મળે છે. જેમાં વડોદરામાં તો એક સેન્ટર પર પથ્થરમારા સુધી વાત પહોંચી ગઈ હતી. એઆઈઈઈઈની પરીક્ષામાં ગતવર્ષે પેપર લીકની ઘટના બાદ ભારે હોબાળો થયો હતો. જેના પગલે ચાલુ વર્ષે ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો. આ ઉપરાંત રાજ્યમાં માત્ર વડોદરા અને સુરત એમ બે જ સ્થળે પરીક્ષા કેન્દ્રો ફાળવવામાં આવ્યા છે. આજે સવારે પેપર-૧ શરૂ થયુ ત્યારે આ બંને શહેરોના કેટલાક સેન્ટરો પર હોબાળો થયો હોવાનું બહાર આવ્યું હતું. જેમાં વડોદરામાં ચારથી પાંચ સેન્ટરો પર હોબાળો થયો હોવાનું જાણવા મળે છે. વડોદરાના સેન્ટ જોસેફ સ્કૂલના સેન્ટર પર તો પથ્થરમારો પણ થયો હોવાનું જાણવા મળે છે. એઆઈઈઈઈની પરીક્ષા આજે લેવામાં આવી જેમાં પ્રથમ પેપર સવારે ૯.૩૦થી ૧૨.૩૦ દરમ્યાન એન્જિનિયરિંગમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું હતું. જો કે આ પેપર અઘરૂ પુછાતા વિદ્યાર્થીઓ નિરાશ થયા હતા. એઆઈઈઈઈની પરીક્ષામાં પ્રથમ પેપર એન્જિનિયરિંગ માટે અને બીજુ પેપર આર્કિટેક્ટ માટે હોય છે. પ્રથમ પેપર સવારે લેવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર રાજ્યમાંથી ૪૦ હજાર વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. પેપર હાથમાં આવતા જ વિદ્યાર્થીઓ નિરાશ થઈ ગયા હતા. કેમકે પેપર ખુબ જ અઘરૂ પુછાયું હતું જેના પગલે વિદ્યાર્થીઓ ઘણા પ્રશ્ન છોડી દેવાનું જ યોગ્ય માન્યું હતું. આમ પેપર અઘરૂ નિકળતા વિદ્યાર્થીઓ નિરાશ થયા હતા.

અમદાવાદના શાહિબાગ સુપ્રસિદ્ધ સ્વામિનારાયણ મંદિરમાં ૪૫૧ કુંડના મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

વેકેશનની સાથે સાથે શાળાઓનું પ્રચાર-પ્રસાર કાર્ય શરૂ

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત રાજ્યમાં શિક્ષણની સાથે-સાથે અધ્યયનક્રમ, અતિ આધુનિક તથા સુવિધાયુક્ત શાળાઓનો વ્યાપ વધ્યો છે. માત્ર બે-ત્રણ ઓરડાવાળી નહીં પણ પાંચ થી આંઠ વીઘા જમીનમાં વિસ્તરેલી આકર્ષક શાળાઓના પટાંગણમાં ઢગલાબંધ બાળકોરમતા ખેલતા-શિક્ષણ લેતા થાય તે માટે શાળાઓના શિક્ષકો પોતાના વિસ્તારોમાં તથા આસપાસના વિસ્તારોમાં પ્રચાર કરી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં ઘણી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ આવેલી છે. નાના-મોટા વિશાળ કેમ્પસમાં છોકરાઓને લાવવા માટે દરેક ખાનગી શાળાના ટ્રસ્ટીઓ પોતાના કર્મચારીઓને ગામડે-ગામડે પ્રચાર કરવા મોકલે છે. રંગ-બેરંગી બ્રોશરો છપાવી લોકોને આકર્ષવા મથે છે. સરકારી શાળાઓનું શિક્ષણ કથળ્યું છે ત્યારે ખાનગી શાળાઓ ઉત્તમ સુવિધા આપી બાળકોને વાલીઓને આકર્ષે છે. ઊંચી ફી લઈને તજજ્ઞ શિક્ષકોદ્વારા ખૂબ જ સરળ અને શૂક્ષ્મ અધ્યયન રસાત્મક રીતે કરાવે છે. આવા પ્રકારની સુવિધાઓની જાણકારી ગામડે ગામડે દરેક માણસ સુધી પહોંચે તે માટે કેટલીક શાળાઓના શિક્ષકો પોતાની શાળાઓના વાહનો લઈને ગૃપમાં પ્રચાર કરવા જાય છે. ઘરે ઘરે ફરીને વાલીઓને સમજાવે છે. શાળાની સિદ્ધિઓ, સગવડો વિશે માહિતગાર કરીને પ્રચાર અને પ્રસાર કાર્ય કરે છે.

યુગનાયક સ્વામી વિવેકાનંદ

- રજનીકાંત ભટ્ટ



સ્વામીજીના ભારત પરિભ્રમણનું જ્યાં સમાપન થયું તે સ્થાન કન્યાકુમારીના એ સમુદ્રમાં આવેલ શીલા પર સન ૧૯૭૦માં એક ભવ્ય સ્મારકનું નિર્માણ કરવામાં આવ્યું છે. ભારત અને સમગ્ર વિશ્વમાંથી શ્રદ્ધાળુઓ અને પર્યટકો હજારોની સંખ્યામાં આ પાવન સ્થળની મુલાકાતે રોજ આવે છે અને સ્વામીજીને શ્રદ્ધાસુમન અર્પણ કરે છે. આ સ્થળની દિવ્યતાનો અનુભવ કરે છે, અનુભવ કરવા જેવો છે!

સ્વામીજીની અમેરિકા યાત્રાની તૈયારીઓ શરૂ થઈ. આબુ રોડથી સ્વામીજી અને ખેતડીના મહારાજાના દીવાન મુનશી જગમોહનલાલ મુંબઈ આવ્યા. સ્ટેશન પર આલાસિંગા અને સ્વામીજીના અન્ય શિષ્યો પણ આવ્યા હતા. ખેતડીના મહારાજાએ મુંબઈથી શિકાગો સુધીની સમુદ્ર યાત્રા માટે પ્રથમ વર્ગની ટિકિટ કઢાવી આપી. જેથી તેઓ રાજગુરુને છાજે તેવા સન્માનપૂર્વક મુસાફરી કરી શકે. ખેતડીના દીવાનજીએ સ્વામીજી માટે રેશમી પોષાક તૈયાર કરાવી આપ્યો. સાથે રોકડ રકમ પણ આપી. મદ્રાસના શિષ્યોએ પણ એકઠી કરેલ રકમ સ્વામીજીને આપી.

અંતે આ ઐતિહાસિક દિવસ આવી ગયો ! તા. ૩૧મી મે, ૧૮૯૩નો એ દિવસ. સ્વામીજી 'પેનીન્સુલર' નામની સ્ટીમરમાં, મુંબઈ બંદરેથી ચડ્યા. સ્વામીજી સાચેજ દેશનું, માતૃભૂમિ ભારતનું ગૌરવ વધારવા વિદેશ યાત્રા કરી રહ્યા હતા. સ્વામીજી જાણે કે રાજા-મહારાજા હોય એવા દેખાતા હતા. વિદાયની ઘડીએ સૌની આંખો આંસુથી છલકાઈ ગઈ. હાજર ભક્તોએ સમુદ્રના કાંઠેથી સાષ્ટાંગ પ્રણામ કરી સ્વામીજીને વિદાય આપી. સ્વામીજી પણ કઠોડાની પાસે ઉભા રહીને જ્યાં સુધી દેખી શકાય ત્યાં સુધી તેમની તરફ જોતા રહ્યા. ધીમે ધીમે જહાજ સમુદ્રમાં તરતુ તરતુ દૂર ચાલ્યું. શિષ્યો અને મિત્રો ધીમે ધીમે નજરની બહાર જવા લાગ્યા.

સ્વામીજીની આ યાત્રામાં ભારતમાતાના બીજા એક મહાન સપૂત સ્વામીજીના સહયાત્રી બન્યા હતા. તેમને આપણે જમશેદજી ટાટાના નામથી ઓળખીએ છીએ. ભારતમાં વિજ્ઞાન-ટેકનોલોજી અને ઔદ્યોગિકરણનો પાયો નાખનાર આ જનમશેદજીને તેમ કરવાની પ્રેરણા સ્વામી વિવેકાનંદે આપેલી. એ જમાનામાં ભારતમાં દીવાસળી પણ વિદેશથી આયાત કરવી પડતી. જમશેદજી આ કામ માટે જાપાન જઈ રહ્યા હતા.

તત્કાલીન ભારતની સમસ્યાઓ અને તેના ઉકેલ અંગે વિષદ અને ગહન ચર્ચાઓ આ બે મહાપુરુષો વચ્ચે થઈ. સ્વામીજીએ, જમશેદજીને કહ્યું કે ભારતમાં ઉદ્યોગો સ્થાપો જેથી આપણા લોકોને રોજગારી મળે અને બીજું સૂચન સ્વામીજીએ કર્યું કે ભારતમાં વિજ્ઞાન અને ટેકનોલોજીની સંસ્થાઓ શરૂ કરો. જેથી, આપણા ઉદ્યોગો માટે જરૂરી નિપુણ કારીગરો, ઈજનેરો અને વૈજ્ઞાનિકો તૈયાર કરી શકાય. આમ પશ્ચિમના વિજ્ઞાન અને ટેકનોલોજીના વિનિયોગ દ્વારા આપણા લોકો માટે વધુ ઉત્પાદન અને રોજગારનું નિર્માણ કરી શકાય.

જમશેદજીએ સ્વામીજીની સલાહને અમલમાં મુકી અને ભારતમાં પહેલા કારખાનાની શરૂઆત તેમણે કરી. જમશેદજીએ એક વિજ્ઞાન સંસ્થાન શરૂ કરવા માટે તત્કાલિન અંગ્રેજ સરકાર પાસે જમીનની માગણી કરી. પરંતુ, અંગ્રેજ સરકારે જમીન ન આપી. આખરે મૈસૂરના મહારાજાએ જમીન આપી. અને ભારતની પ્રથમ વિજ્ઞાન સંસ્થા બેંગ્લોર ખાતે શરૂ થઈ. જે આજે પણ તે ભારતની ખ્યાતનામ સંસ્થા છે. તેનું નામ છે - ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સીસ. જમશેદજીએ આ વિજ્ઞાન સંસ્થાના પ્રથમ નિયામક તરીકેનું પદ સ્વીકારવા સ્વામીજીને વિનંતી કરેલી. જોકે તેઓ સન્યાસી હોવાથી એ નિમણૂંક તેમણે સ્વીકારી ન હતી.

સ્વામીજી ચીન, જાપાન, કેનેડા થઈને જુલાઈ, ૧૮૯૩ના મધ્યમાં શિકાગો પહોંચ્યા. સ્વામીજી લાંબી યાત્રા દરમ્યાન હોંગકોંગથી કેન્ટેન ગયા અને બૌધ મઠો જોયા. જાપાનની ઔદ્યોગિક પ્રગતિ અને તે લોકોની સ્વચ્છતાથી સ્વામીજી પ્રભાવિત થયા. શિકાંગોમાં ધન-વૈભવની ચકાચૌંધ અને વિજ્ઞાનની પૈસાની પ્રતિભા જોઈને સ્વામીજી એક બાળકની જેમ અવાક થઈ ગયા!

સ્વામીજીને જ્યારે જાણ થઈ કે વિશ્વધર્મ પરિષદ તો સપ્ટેમ્બર માસમાં યોજાનાર છે. અને ઓળખપત્ર સિવાય તેમાં 'પ્રતિનિધિ' તરીકે કોઈનેય પ્રવેશ આપવામાં નહિ આવે ત્યારે તેઓ નિરાશ થઈ ગયા. શિકાંગો ખૂબ મોંઘુ. થોડાક જ દિવસોમાં સ્વામીજી પાસે જે થોડા પૈસા હતા તે ખર્ચાઈ ગયા. 'હવે શું કરવું ?' અહીં તો ભારતીય સમાજ ન હતો કે સાધુને આશ્રય આપે, ભોજન આપે. કડકડતી કાતિલ ઠંડીમાં શિકાંગો રેલવે સ્ટેશન પર પડેલા એક લાકડાના બોક્સમાં ટૂંટીયુવળીને સ્વામીજીએ એક રાત કાઢી. પહેરવા ગરમ કપડાં પણ ન હતા.

પોતાને વિધાતાના હવાલે કરીને તેઓ ઓછા મોંઘા શહેર બોસ્ટન ચાલ્યા ગયા. ટ્રેઈનમાં તેમની મુલાકાત કુ. કંથરીજા સેનબોર્ન સાથે થઈ. કુ. સેનબોર્ને સ્વામીજીને બોસ્ટનમાં પોતાના અતિથિ તરીકે રહેવા આમંત્રણ આપ્યું.

(સંપૂર્ણ)

પશ્ચિમનો મનુષ્ય કુદરતની શકિતને જાણવા માટે જે પધ્ધતિ અપનાવે છે, તેને આપણે વિજ્ઞાન કહીએ છીએ

કુદરતે જયારે જીવ સૃષ્ટિનું નિર્માણ કર્યું, ત્યારે એણે અનેક જીવોનું સર્જન કર્યું. પાણીમાં રહેતા જીવો, હવામાં ઉડતા જીવો, જમીન ઉપર રહેનારા જીવો અને આપણે કુદરતનું ખાસ સર્જન જેને માનીયે છીએ, એ જીવ એટલે મનુષ્ય.

મનુષ્ય સિવાયનાં જીવોની શું કોઈ ખાસ સંસ્કૃતિ છે ખરી? કદાચ આ જીવોનું જીવન એટલે સૃષ્ટિનાં કર્તા એ આપેલી સુવિધાઓ અને દુવિધાઓને સ્વીકારીને જીવવું એ જ સંસ્કૃતિ. ભારતની ધરતી પર રહેનારા વન્ય જીવો કે પશ્ચિમની ધરતી પર રહેનારા વન્યજીવો ને શું ખબર છે? કે તેઓ ભારતની કે પશ્ચિમની સંસ્કૃતિ પ્રમાણેનું જીવન જીવે છે? જરાય નહિ. તેઓ તો માત્ર જીવન ને માણે જ છે. ભારતનો 'સિંહ' અને પશ્ચિમનો 'સિંહ' એક જગ્યાએ ભેગા થાય અને 'ગર્જના' કરે, એટલે ખબર પડી જાય કે બંને જાતી એક જ છે. પછી ત્યાં બીજી સમજણની જરૂર પડતી નહીં હોય. પછી તે બંને 'સિંહો' કુદરતનું માત્ર સર્જન બની રહે છે.

પરંતુ કુદરતનું ખાસ સર્જન ગણાતો મનુષ્યની વાત કરીએ તો તેઓ પોતાનું જીવન કુદરતે આપેલા જીવન પ્રમાણે નહિ, પરંતુ એક સંસ્કૃતિની વચ્ચે રહીને જીવી રહ્યો છે. હજુ હમણાંની જ વાત કરીએ તો, 'વેલેન્ટાઈન ડે' ગયો, ઘણાં ભારતીયો એવું માને છે કે આ દિવસ પશ્ચિમની સંસ્કૃતિનો છે, તો આપણે શું કામ ઉજવીએ? આપણે તો 'વસંત'ના દિવસોને ઉજવવા જોઈએ. પરંતુ મારું માનવું છે, કે 'વેલેન્ટાઈન ડે' હોય કે 'વસંત'નાં દિવસો હોય, અંતે તો ઉજવવાનો તો પ્રેમ ને જ છે. પ્રેમ ને વ્યકત કરવાનાં આ દિવસોનું નામ એટલે 'વેલેન્ટાઈન ડે' અને 'વસંત'. અહિં હું કોઈ સંસ્કૃતિ કે કોઈ જીવન જીવવાની પધ્ધતિનો વિરોધ નથી કરી રહ્યો. પરંતુ જો પશ્ચિમની સંસ્કૃતિ અને ભારતની સંસ્કૃતિનું સમન્વય થઈ જાય, તો એક નવજીવનનો પ્રારંભ ચોકકસ થશે. જો કે આ જીવનનો પ્રારંભ તો કયારનો થઈ ચૂકેલો જ છે, હું અહીં મારા વિચારોને રજૂ કરી આ જીવન આગળ ધપાવવાનો પ્રયત્ન કરું છું.

પશ્ચિમની સંસ્કૃતિની વાત કરીએ તો પશ્ચિમનું માનસ બહારની તરફ ખોજ કરવામાં અગ્રેસર છે, પશ્ચિમમાં યંત્રની શોધ થયેલી છે, જેને આપણે આધુનિકતા કહીએ છીએ. એટલે કે, વિજ્ઞાનની બહુ મોટા પાયે શોધ થયેલી છે. તેઓ જીવનમાં આવનારી દરેક તકલીફો કે સવલતોને વૈજ્ઞાનિક પધ્ધતિઓ દ્વારા જીવે છે. ત્યાંના બાળકો જન્મથી માંડી મૃત્યુ સુધી વૈજ્ઞાનિક ઢબથી જીવન જીવે છે. પશ્ચિમનો મનુષ્ય કુરતની સૃષ્ટિને સમજવા માટે વિજ્ઞાનનો ઉપયોગ કરે છે. પરંતુ, હું એમ કહીશ કે પશ્ચિમનો મનુષ્ય કુદરતની શકિતને જાણવા માટે જે પધ્ધતિ અપનાવે છે, તેને આપણે વિજ્ઞાન કહીએ છીએ અને આવા વિજ્ઞાનીઓ ને ડોકટર, નોબલ લોરેટ સાયન્ટિસ્ટ, આઉટ સ્ટેન્ડિંગ સાયન્ટિસ્ટથી નવાજીએ છીએ. જો પશ્ચિમનાં લોકોનાં જીવન તરફ ધ્યાન કરીએ તો તેઓને આપણે ભોગવાદી કહીએ છીએ. ત્યાંનું સંગીત આપણી અંદર એક એકસાઈટમેન્ટ પેદા કરનારૂ છે, મારુ માનવું કે સવારે કામકાજનાં સમયે આ સંગીત સાંભળવાથી એકસાઈટમેન્ટ મળે છે, જેથી કામ કામ નહિ, પણ એક મજા બની જાય છે. પશ્ચિમનાં દેશોનાં લોકો કુદરતે આપેલા જીવનને સહજતાથી જીવી જાણે છે. અને કદાચ એટલા માટે જ તેઓ કુદરતના વન્ય જીવોની જીવસૃષ્ટિને જાણવા માટે સક્ષમ પણ છે, જે આપણે નેશનલ જીયોગ્રાફીકલ જેવી ચેનલ્સમાં જોઈએ જ છીએ. કદાચ ત્યાંના યુવાનો પોતાનું જીવન એક ખોજી તરીકે જીવતા હોય છે અને એ ખોજ નવીન ટેકનોલોજીની હોય અથવા તો કુદરત પ્રત્યેની ખોજ હોય.

ભારતની સંસ્કૃતિની વાત કરીએ તો ભારતીય માનવ અંદરની તરફ ખોજ કરવામાં અગ્રેસર છે. ભારતમાં મંત્રની શોધ થયલી છે. જેને આપણે આધ્યાત્મિકતા કહીએ છીએ. એટલે કે આધ્યાત્મની બહુ મોટા પાયે શોધ થયેલી છે. આપણે જીવનમાં આવનારી દરેક તકલીફો કે સવલતો ને આધ્યાત્મિક પધ્ધતિઓ દ્વારા જીવીએ છીએ. અહીંના બાળકો જન્મથી માંડી મૃત્યુ સુધી આધ્યાત્મિક ઢબથી જીવન જીવે છે. ભારતનો મનુષ્ય કુદરતની સૃષ્ટિને સમજવા માટે આધ્યાત્મનો ઉપયોગ કરે છે. પરંતુ, હું એમ કહીશ કે ભારતનો મનુષ્ય કુદરતની શકિતને જાણવા માટે જે પધ્ધતિ અપનાવે છે, તેને આપણે અધ્યાત્મ કહીએ છીએ અને આવા અધ્યાત્મવાદીઓ ને આપણે ભગવાન, સંત, ગુરૂ, સ્વામી જેવા શબ્દોથી નવાજીએ છીએ. જો ભારતનાં લોકોનાં જીવન તરફ ધ્યાન કરીએ તો તેઓને આપણે યોગવાદી કહીએ છીએ. ભારતનું સંગીત શાંત સંગીત છે, આપણી અંદર શાંત્વના પેદા કરનારૂ છે. મારૂં માનવું કે બધું કામ કાજ પતાવી, સાંજનાં સમયે નિરાંતે જો આ સંગીત સાંભળવામાં આવે તો અદભૂત શાંત્વના થતી જણાય છે. જાણે કે અલૌકિક જગતમાં પહોંચી ગયા હોઈએ.

પરંતુ હું અહીંયા એક નવી સંસ્કૃતિ સમજાવાનો પ્રયત્ન કરી રહ્યો છું. પરંતુ અહીં 'સંસ્કૃતિ' શબ્દ લગાડવો યોગ્ય નહિ ગણાય. એના કરતા એમ કહેવું વધારે યોગ્ય જણાશે કે, અહીં હું 'નૂતન જીવન'ને સમજાવાનો પ્રયત્ન કરી રહ્યો છું. એટલે કે બંને સંસ્કૃતિનો સમન્વય. આ નૂતન જીવન 'ભોગવાદી' પણ હોય, 'યોગવાદી' પણ હોય. આ જીવનમી 'યંત્ર'નો પણ ઉપયોગ હોય અને 'મંત્ર'નો પણ ઉપયોગ હોય. આ જીવન આધુનિકતાથી પણ જીવાતું હોય અને આધ્યાત્મિકતાથી પણ જીવાતું હોય. આ જીવન બહારની તરફ પણ અગ્રેસર હોય, અને 'વિજ્ઞાન'નો પણ ઉપયોગ હોય. આ જીવનને જીવવું, એટલે કે પ્રકૃતિએ આપેલા સહજ જીવનને સહજ રીતે સ્વીકારીને જીવવું જેમ ગુલાબનું ફુલ ગુલાબી રંગનું પણ હોય, કાળા રંગનું પણ હોય, એટલે કે અલગ અલગ રંગનાં ગુલાબની અલગ અલગ સુગંધને પણ માણવા જેવી હોય છે, તેવી જ રીતે પ્રકૃતિએ સર્જેલ અલગ અલગ મનુષ્યતા પણ સ્વીકારવા જેવી હોય છે. જો પ્રકૃતિએ માત્ર એક જ પ્રકારનું, એક જ રંગનું, એક જ સુગંધ વાળુ ગુલાબનું જ સર્જન કરેલ હોત, તો કદાચ એ ગુલાબનું જીવન સંપૂર્ણ શુષ્ક બની ગયું હોત. માટે એવી રીતે જ પ્રકૃતિએ અલગ અલગ મનુષ્યોનું સર્જન કરેલ છે.

અને જો ભૂતકાળનું થોડું ડોકીયું કરીએ, તો શ્રી થોમસ આલ્વા અડિસને બલ્બની શોધ કરી જેને લીધે સમગ્ર વિશ્વમાં પ્રકાશ ફેલાઈ ગયો એટલે કે બાહ્ય જગતમાં પ્રકાશની શોધ કરી અને જો શ્રી કૃષ્ણ, મહાવીર, બુધ્ધ રજનીશ (ઓશો), આવી વ્યકિતઓની વાત કરીએ તો તેમણે અંતઃ જગતમાં પ્રકાશની શોધ કરી એટલે એમ કહી શકાય કે પાશ્ચાત્ય જગતમાં બહારની તરફ પ્રકાશની શોધ થઈ અને ભારતમાં અંદરની તરફ પ્રકાશની શોધ થઈ.

પાશ્ચાત્ય સંસ્કૃતિ બહારનાં જગતની શાંતિનાં પ્રયત્નો કરે છે, જયારે ભારતીય સંસ્કૃતિ અંદરનાં જગતની શાંતિ માટે પ્રયત્નો કરે છે. પરંતુ મારું માનવું છે કે અત્યાર સુધીનાં આ પ્રયત્નો સંપૂર્ણ પણે સફળ થઈ શકયા નથી અને એટલા માટે જ હવે પશ્ચિમનાં લોકો ભારતની મહાન આત્માઓને જાણવા માટે આકર્ષાયા છે. તેઓને આપણે ભારતનાં મંદિરોમાં જોઈએ છીએ, તેઓ શ્રી વિવેકાનંદ, મહાત્મા ગાંધી, કૃષ્ણ જેવી આત્માઓને જાણવાનો અને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરી રહ્યા છે. અને તેવી જ રીતે ભારતીયો પાશ્ચાત્ય સંસ્કૃતિ તરફ આકર્ષાયા છે. મોટા શોપીંગ મોલ, મોટા સિનેમા ગૃહો, નાઈટ ડાન્સ પાર્ટી વગેરે વગેરે અને એટલા માટે જ જો બંને સંસ્કૃતિનું સમન્વય કરીને જીવનને જીવવામાં આવે તો આ જીવન એક ઉત્સવ બની જાશે.

LIFE BECOMES A CELEBRATION

-જય વસાવડા